કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી સરકારી હોસ્પિટલમાં બાઈક ચોરીના વધતા જતા બનાવો

કાંકરેજ, તા. ૨૫

ગુજરાત રાજ્યમા પ્રથમ નંબરની પ્રસુતિ માટેની નંબર વન સરકારી હોસ્પિટલ એટલે ઉત્તર ગુજરાત અને બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના

શિહોરીની રેફરલ હોસ્પિટલ કે જ્યાં રોજના મોટી સંખ્યામાં દર્દીઓને સારવાર માટે આવે છે અને સાજા તાજા થઈ પોતાના જીવનમાં ખુશીઓ સાથે ઘરે જાય છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી હોસ્પિટલમાં બાઈક ચોરીનો સિલસિલો યથાવત રહેવા પમ્યો છે કે હોસ્પિટલ સામે નજીકમાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે પરંતુ આજ સુધી કોઈને પણ બાઇકો જેમના ચોરી થઈ ગયેલા તેમને શિહોરી પોલીસ દ્વારા શોધખોળ કઈ પરત અપાવેલ નથી અને લોકોને પણ હવે પોલીસ ઉપરથી વિશ્વાસ ઉઠી ગયો હોય તેવુ લાગી રહ્યું છે. કારણ કે હોસ્પિટલમાં સીસી ટીવી કેમેરાના અભાવને કારણે આવા સંજોગોમાં બાઈકચોર પોતાના કરતબો અજમાવી સીસી ટીવી કેમેરા ન હોવાથી લાભ લઈ બાઈક ઉઠાવી લઈ રફુચક્કર થઈ જાય છે અને શિહોરી પોલીસ મુખ પ્રેક્ષક બની આ તમાશો જોઈ રહી છે. ત્યારે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા તેમજ તબીબી સારવાર અર્થે આવતા લોકોની ભીડ વચ્ચે સીસી ટીવી કેમેરા ખુબજ ઉપયોગી સાબિત થઈ શકે છે. માટે હવે શિહોરી સરકારી રેફરલ હોસ્પિટલના ડોકટર માનસુગભાઈ ચૌધરીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ટૂંક સમયમાં જ હવે સીસી ટીવી કેમેરા લગાવી દેવામાં આવશે અને આવી થઈ રહેલી ચોરી તોડફોડ અટકાવવા માટે પગલાં લેવામાં આવશે. ત્યારે હવે શિહોરી પોલીસે શહેરમાં કાયદો અને વ્યવસ્થા વધારી હોસ્પિટલમાં સારવાર અર્થે તેમજ ખબરઅંતર પુછવા આવનારના ખોવાયેલ બાઈકોની શોધખોળ શરૂ કરવી જોઈએ અને લોકોને ન્યાય આપવો જોઈએ પરંતુ કોને કહેવું શિહોરી પોલીસને માત્ર ને માત્ર ફકત દારૂ અને જુગાર સીવાય કોઈ અન્ય ગુનામાં રસ નથી તેવું લાગે છે.

ખેડબ્રહ્મા ત્રિવેણી સંગમ પર પોતાના પરીવારમાંથી મૃત પામેલાઓના ફુલ (અસ્થી)નુ વિસર્જન

ખેડબ્રહ્મા, તા. ૨૫

ખેડબ્રહ્મા શહેના કાંઠા પર આવેલા અંતિમ ધામમાં પોતાના

પરીવારના મૃત્યુ પામેલા પાર્થિવ દેહોની અસ્થી અહીંયા અસ્તી વિસર્જન કરવામાં આવી હતી. અહીંયા ત્રણ નદીઓનો સંગમ થાય છે. હરણાવ, ભિમાકસી, કૌસુમ્બી એમ ત્રણ નદીઓનો અહીં સંગમ થાય છે. બાજુમાં તટ પર ભૂર્ગુરુષીનું પ્રાચીન મંદિર આવેલું છે. અંતિમ ધામમાં પંડિત દ્વારા પુજા અર્ચના કરી મૃત આત્માને વિધીપુર્વક હરાવાય છે.

ત્યાં ભારે હૈયાફાટ રુદન કરતાં પરિવારો પોતાના વ્યક્તિની અસ્થી પધરાવ્યા પછી રુદન કરતાં જોવાં મળે છે. કહેવાય છે કે જે પુસ્કરમા અસ્થી પધરાવ્યાનુ પુન મળે છે જ્યાં ભગવાન બ્રહ્માનું મંદિર આવેલું છે તે જ રીતે અહીંયા પણ ભગવાન બ્રહ્માનું મંદિર આવેલું છે. કહેવાય છે કે ભારતભરમાં માત્ર બ્રહ્માના બે મંદિર આવેલા છે એક પુસ્કર (રાજસ્થાન)માં અને બીજુ ગુજરાતનાં સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા શહેરમાં જેથી અહીંયાના ત્રિવેણી સંગમનું ખાસ મહત્વ રહેલું છે.

શ્રી અર્બુદા કો.ઓપ.ક્રેડીટ સોસાયટીનો મહેસાણા ખાતે રજત જયંતિ મહોત્સવ યોજાયો

મહેસાણા, તા. ૨૫

મહેસાણા શહેરમાં શ્રી અર્બુદા કો.ઓપરેટીવ સોસાયટી લી.નો રજત જયંતિ મહોત્સવમાં ઉપસ્થિત નાયબ મુખ્યમંત્રી

નિતીનભાઇ પટેલે જણાવ્યું હતું કે કેડીટ સોસાયટી દ્વારા કરકસર-વિવેકપુર્ણના વહીવટ થકી વિકાસ થયો છે. પારદર્શક અને પ્રામાણિક વહીવટથી સંસ્થા અને તેના સભ્યોને ફાયદો થાય છે. કેડીટ સોસાયટી દ્વારા આર્મી વેલ્ફેર ફંડમાં રૂ. ૦૧ લાખ આપી સોસાયટીએ સામાજિક જવાબદારી નિભાવી છે.

મહેસાણા ખાતે આયોજીત રજત જયંતિ મહોત્સવમાં નાયબ મુખ્યમંત્રી નિતીનભાઇ પટેલે જણાવ્યું હતું કે ચૌધરી સમાજ સદભાગી સમાજ છે. મહેનત, ખંત થકી આ સમાજ રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બન્યો છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે સરકારશ્રી દ્વારા રાજ્યના તમામ લોકોનો વિકાસ થાય તે દિશામાં કામ કરાઇ રહ્યું છે. ખેતી, ધંધા, રોજગાર, શિક્ષણ અને આરોગ્યના વિકાસની વિશેષ સગવડો પુરી પડાઇ છે. મહેસાણા શહેરના રસ્તાઓ, આરોગ્ય, પાણી, પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓ પુરી પડાઇ છે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે કેડીટ સોસાયટી દ્વારા લોકોની જરૂરીયાત પુરી પડાઇ રહી છે. પ્રમાણિકતા અને પારદર્શકપુર્ણ વહીવટ થકી છેલ્લા ૨૫ વર્ષમાં એન.પી.એ આવેલ નથી. કેડીટ સોસાયટી થકી ૯૦૦ સભ્યોથી શરૂઆત કરીને આજે ૭૫૦૦ સભ્યો બન્યા છે.

પ્રાંતિજ પાલિકાનું ઓરમાયું વર્તન

પ્રાંતિજ પાલિકામાં બોલે તેના બોર વેચાય જેવી સ્થિતિ

પ્રાંતિજ, તા.૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે એપ્રોચરોડ ઉપર આવેલ સોસાયટીમાં છેલ્લાં ચાર વર્ષથી પાણી ની સમસ્યા છે તો સોસાયટી ના રહીશો દ્વારા પ્રાંતિજ પાલિકામાં રજુઆત કરવા છતાં પાલિકા દ્વારા આ સોસાયટીઓ સાથે ઓરમાયું વર્તન થઈ રહ્યું હોય તેવું સ્પષ્ટ પણે જણાઇ આવે છે.

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ સોસાયટીઓમાં છેલ્લાં ચાર વર્ષથી પાણી ની સમસ્યા છે અને સોસાયટી ના રહીશો દ્વારા પાલિકા માં અનેકવાર રજુઆતો કરવા છતા આજદીન સુધી પાલિકા દ્વારા નગરજનોને આપવામાં આવતી પ્રથમ પ્રાથમિક સુવિધાએવી પ્રાયોરીટી પાણી આપવામાં આવતું નથી તો આજ વિસ્તારમાં અમુક મોટી સોસાયટીઓમાં પણ આજ પરિસ્થિતિ હતી તો પાલિકા દ્વારા તેવો ને અલગથી સ્પેશ્યલ પાઇપ જોઇટ આપી મોટી સોસાયટીઓને પાણી ની સુવિધા પુરી પાડવામાં આવી છે પણ છેલ્લાં ચાર વર્ષો થી પાલિકા પાસે નિયમિતપણે વેરો ભરીને પાણીની ભીખમાગતા આ નાની સોસાયટી ઓ ના રહીશો સામે પાલિકા દ્વારા જોવા મા પણ આવ્યું નથી તો સોસાયટી ના રહીશો દ્વારા પાલિકા મા તથા વોર્ડ ના કોર્પોરેટરો તથા પાલિકામાં સી.ઓ સુધી રજુઆતો કરવા છતા પ્રાંતિજ ના સીઓ કે કોર્પોરેટરો આજ દીન સુધી ડોકયુ પણ કર્યું નથી અને સોસાયટીમાં પાણી આવે છે કે નથી આવતું તેવી કોઇજ તસ્તી લીધી નથી તો નવાઇ ની વાતતો એ છેકે આ વિસ્તાર ની હરિઓમપાર્ક સોસાયટી, આશીર્વાદ સોસાયટી, ત્રણ બંગલા જેવી સોસાયટીઓમાં દિવાળી તથા બેસતાં વર્ષે પણ પાણી આપવામાં આવ્યું નહતું તો આ વિસ્તાર ના રહીશો દ્વારા પાલિકા માં રજુઆતો કરવા છતા પાલિકા દ્વારા આ વિસ્તાર ની સોસાયટીઓ સાથે હાલતો ઓરમાયું વર્તન થતું હોય તેવું સ્પષ્ટ પણે જણાઇ આવે છે તો પ્રાથમિક સુવિધા એવી પાણી ના મળતાં રહીશો બહાર થી પાણી ના ટેન્કર લાવવા પડે છે ત્યારે પાલિકા દ્વારા આ વિસ્તારમાં આવેલ સોસાયટી ના રહીશો ને છતાં પાણી એ હાલતો તરસ્યા રાખતાં હોય તેવું સ્પષ્ટ દેખાઇ આવે છે અને માત્ર ટકાવારી અને બોલે તેના બોર વેચાય જેવી સ્થિતિ પેદા થઈ છે ત્યારે જો આ વિસ્તાર ની સોસાયટીઓમાં પાણી નહી મળે તો આવનારા દિવસોમાં ગાંધીચિંધ્યા આંદોલન નો રસ્તો રહીશો અપનાવે તો નવાઈ નહીં.

કાંકરેજ તાલુકા પંચાયત કચેરીની ગાડી પોલીસ સ્ટેશનમાં દેખાતા અનેક તર્ક-વિતર્ક

કાંકરેજ, તા. ૨૫

કાંકરેજ તાલુકા તાલુકા પંચાયત કચેરીની સરકારી ગાડી પણ શિહોરી પોલીસ સ્ટેશનમાં પાર્ક કરવામાં આવે છે. તાલુકા પંચાયત કચેરીમા ગાડી પાર્કિંગ માટે જગ્યાનો અભાવ છે. આ બાબતે તાલુકા વિકાસ અધિકારી કાંકરેજના અનિલ ત્રિવેદીને ટેલીફોન વાતચીત કરતા તેઓએ જણાવ્યું હતું કે અમારે તાલુકા મથકે જાળી ઝાપાને તાળા નથી અને પાછળ ખુલ્લું હોવાથી ગાડીની સલામતી ન હોવાથી પોલીસ સ્ટેશનમાં પાર્ક કરવામાં આવી છે. ત્યારે સવાલ એ ઉભો થાય છે કે જ્યારે ખુદ સરકાર મિલકત સલામત ન હોય ત્યાં પ્રજા કેટલી સલામત હશે. જોકે આ ઉપરાંત અન્ય વખતે શિહોરીમાંથી ગાડીઓ બાઇકોની ચોરીઓના બનાવો ખુબજ વધ્યા છે ત્યારે શિહોરી પોલીસને આ કિસ્સો લાલ બત્તી સમાન ગણાવી શકાય. અગાઉ થરા પોલીસ સ્ટેશનમાં પાર્ક કરેલ રેતીનું ડમ્પર ગુમ થઈ ગયું હતું.

પરંતુ પોલીસના પેટનું પાણી પણ હલતું નથી પરંતુ દાવા તો એવા પોલીસ દ્વારા કરવામાં આવે છે સૌ સલામત. ત્યારે તાલુકા પંચાયતની ગાડી પોલીસ સ્ટેશનમાં કોઈ લેખિત જાણ કરવામાં આવી નથી અને પાર્ક કરી દીધી હતી ત્યારે પોતાની પાસે સત્તા હોય અને કાયદાનું ઉલનધન કરી કાયદાની એસીતેસી કરી પાર્કિંગ કરી છે. તો આના માટે કોઈ કાયદો ખરો લોકોને મુખે બે દિવસથી ચર્ચાઓ ઉઠવા પામી છે.

કાંકરેજ તાલુકાના ખીમાના ગામના યુવકનું ટ્રેકટર પરથી પડી જવાથી મોત

હારીજ ખાતે કપાસનું રૂ વેચી પરત આવી રહ્યા હતા ત્યારે ખીમનાના ટ્રેક્ટરચાલક અને એક અન્ય વ્યક્તિ ખારીયા રોડ ઉપર ચામુંડા મંદિર પાસે આવેલા સ્પીડ બ્રેકર પાસે બ્રેક મારતા ટ્રેક્ટરમાં બેઠેલ એક વ્યક્તિ નીચે પટકાયો. માથા અને શરીરના ભાગે ગંભીર ઈજા થતાં થરા સરકારી રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો. વધુ ગંભીર ઈજા હોવાથી સારવાર અર્થે પાટણ ખાતે ખસેડવામાં આવ્યો હતો જ્યાં ખીમાના ગામનાનું મોત થયું હતું.

પ્રાંતિજ ખેતરવાળી મેલડી માતાના મંદિરે અન્નકુટ ભરાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ શ્રી ખેતરવાળી મા મેલડી માતાના મંદિર ખાતે અન્નકુટ ભરવામાં આવ્યો હતો. જેમાં પ્રાંતિજ સહિત તાલુકામાંથી માઇ ભકતો ઉપસ્થિત રહ્યા હતાં અને અન્નકુટના દર્શન કરી મા ના ચરણોમાં શીષ ઝુકાવી ધન્યતા અનુભવી હતી.

ભગવાન યજ્ઞનારાયણના સાન્નિધ્યે દીપમાળા પૂજા અર્ચના સાથે ઉમંગે દેવ દિવાળીના પર્વની ઉજવણી કરાઈ

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના બોલુંદરા ગામે શ્રી કૃષ્ણાશ્રમે ભગવાન યજ્ઞનારાયણના સાન્નિધ્યે દીપમાળા પૂજા-અર્ચના સાથે ઉમંગે દેવ દિવાળીના પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેનો ભાવિકોએ શ્રદ્ધા, ભક્તિભાવથી લ્હાવો લઈ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આશ્રમે પૂ. અગ્નિહોત્રી આત્રેયભાઈ વ્યાસ, પૂ.પરંતપભાઈ વ્યાસ, જહાનવીબેન વ્યાસ સહિત પરિવારજનો ઉપરાંત પાઠશાળાના ભૂલકાંએ પણ આ અવસરનો લહાવો લીધો હતો. વર્ષ દરમિયાન અનેકવિધ સેવાકીય અને ધાર્મિક, શૈક્ષણિક સેવા પ્રવૃત્તિઓથી ધમધમતા આશ્રમની પાવનભુમિમાં પરમ વંદનીય સ્વ.કૃષ્ણારામ દાદાજી, પૂ.ગૌરીશંકર દાદા, પૂ. શુકદેવપ્રસાદ દાદાજી અને પૂ. જૈમીનીભાઈના તપ, ધર્મ ભાવ અને નિઃશુલ્ક અન્નસેવા જેવી પ્રવૃત્તિઓ થકી આજે પણ યજ્ઞનારાયણની વર્ષોની એકધારી સેવા થકી આશ્રમની સુવાસ ચોફેર પ્રસરી રહી છે. અહીં આ પાવન ભૂમિમાં આવી દર્શન કરવાએ એક લહાવો છે.

કાંકરેજ તાલુકાના આકોલી ગામે અજિમાતાજીનું મંદિર આવેલું છે અને જ્યાં દર મહિને પૂનમે ભક્તો દર્શન કરવા માટે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભોજન પ્રસાદ લઈ ધન્યતાનો અનુભવ કરે છે અને લિબોજ વાડીનું સમગ્ર બાંધકામ સુરત શહેરના બિઝનેસમેન રબારી નાગજીભાઈ ઈશ્વરભાઈ દ્વારા કરવામાં આવેલ છે અને દર પૂનમે આવનાર તમામ યાત્રિકોને મફતમાં ભોજન સાથે રહેવા માટે સુખસગવડ પુરી પડવામાં આવે છે ત્યારે આલ પરિવાર દ્વારા સુંદર રીતે આવેલા દર્શનાર્થીઓને ભાવથી ભોજન કરાવી પોતાની સેવા માટે ઉપસ્થિત રહી ભુવાજી મગનભાઈ લેબાભાઈ દેસાઈ તેમજ ઈશ્વરભાઈ સુરત, તેજાભાઈ, લીલાભાઈ, પાંચાભાઈ સહીત અનેક લોકો પોતાની સેવા આપે છે ત્યારે આકોલી ગામની હાઈકોર્ટ ગણાતી અજિમાતાજી આજે પણ સાક્ષાત ચમત્કારી દેવી તરીકે ઓળખવામાં આવે છે ત્યારે દેવ દીવાળીનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

મોડાસામાં ગાયત્રી ચેતના કેન્દ્રના ત્રિ-દિવસીય પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવની ૫૧ કુંડી મહાયજ્ઞ સાથે પુર્ણાહુતી

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જીલ્લાના મોડાસા ખાતે યુગ શક્તિ ગાયત્રી પરિવાર સંચાલિત ગાયત્રી ચેતના કેન્દ્રનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. જેમાં ૫૧ કુંડી યજ્ઞ અને દીપ મહાયજ્ઞ યોજાયો હજારો ભક્તોએ લીધો લાભ હતો.

ગાયત્રી ચેતના કેન્દ્ર મોડાસા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૨૩, નવેમ્બરથી ૨૫ નવેમ્બર મોડાસાના માલપુર રોડ પર આજે પ્રાણ પ્રતિષ્ઠામાં ૫૫ ટ્રેકટરમાં અલગ અલગ જાંખીનું પ્રદાર્શન શક્તિ કલશ ૩૦૦ બહેનો જવારા લઈ કુલ બે હજાર ભક્તો સાથે મોડાસા શહેરમાં સાઈ મંદિર થઈ મેઘરજ રોડ સહિત સમગ્ર શહેરમાં બે ઘોડા સહિત ઝુલુસ નીકળ્યો હતો. આજે ચાર હજાર ભક્તો જોડાયા જેમાં ૪૦૦ લોકો દીક્ષા મહોત્સવ જ્યારે ગઈકાલે દીપ યજ્ઞમાં છ હજાર ભક્તો ભાગ લીધો હતો. આજે પ્રાણ પ્રતિષ્ઠાના યજમાનપદે ૧૬૩ જોડી એક કુંડ પર ૬ લોકો કુલ ૫૧ કુંડી ગાયત્રી માહાયજ્ઞ ૪૮૯ ભકતો ભાગ લીધો છે. હરિદ્વાર શાંતિ કુંજના દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના ઉપ કુલપતિ ડોકટર ચિન્મયજી પંડ્યા આજના પ્રાણ પ્રતિષ્ઠાના મુખ્ય ઉપસ્થિતીમાં ઉજવાઈ રહ્યો છે. ગુજરાત રાજ્યના ખૂણે ખૂણેથી ગાયત્રી પરિવારના ભાઈઓ બહેનો જોડાયા છે. મહાપ્રસાદમાં ૧૫૦૦૦ ભકતોનું આયોજન કરવામાં આવ્યું છે. ગાયત્રી ચેતના કેન્દ્ર દ્વારા નવ નિર્મિત દ્વારા પુષ્પવન સંસ્કાર પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. આ પુસ્તકની મુખ્ય ખાસિયત એ છે કે માતાના પેટમાં ત્રણ માસનો ગર્ભ હોઈ ત્યારે આ સંસ્કાર આપવામાં આવે છે તેનું વિમોચનન ડોકટર ચિન્મય પંડ્યા દ્વારા કરવામાં આવ્યું છે.

મોડાસા તાલુકાના ૨૪ ગામોના શકિત કળશ મુખ્ય મંડપમાં પ્રદશનમાં મુકવામાં આવ્યા છે. ગાયત્રી પરિવારના શ્રી રામશર્મા આચાર્ય દ્વારા લોકોના ઉપયોગી વિચાર કાંતિના ૩૨૦૦ પુસ્તકો જેમના હાથે લખાયેલાનું પ્રદર્શનમાં મુકવામાં આવ્યા છે. ૫૦૦ ઔષધિ વૃક્ષ વિના મૂલ્ય વિતરણ કરવામાં આવનાર છે. એક કરોડના ખર્ચથી તૈયાર કરવામાં આવ્યુ છે. અંદાજિત એક હજાર લોકોએ આ પ્રસંગે વ્યસન મુકતિમાં સંકલ્પ લીધો અને વ્યસન મુક્તિ બન્યા. સ્વચ્છ અભિયાનમાં અંદાજિત બે હજાર લોકો પોતાનું ઘર, ગામ, શહેર, મહોલ્લો સાફ સુફરો રાખવાનો સંકલ્પ લીધો. બેટી બચાવો માટે અંદાજિત ત્રણ હજાર લોકોએ સંકલ લીધો અને પર્યાવરણ બચાવવા માટે પાંચ હજાર લોકો દ્વારા દસ હજાર વૃક્ષો વાવી માવજત સાથે જતન કરવાનો સંકલ્પ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગાયત્રી ચેતના કેન્દ્રના પ્રમુખ ધર્માભાઈ પટેલ, મંત્રી કાંતિભાઈ ચૌહાણ, કિરીટભાઈ સોની, હરેશભાઈ કંસારા, રશ્મિ પંડ્યા, મુકેશ સુરાની, મોડાસા નાગરિક બેન્કના ચેરમેન કમલેશ પટેલ, શિવુભાઈ પટેલ, વિનોદભાઈ આર. પટેલ, બિલ્ડર, ભાવેશભાઈ પટેલ, દિલીપભાઈ પટેલ વિગેરેની સમગ્ર ટિમ પ્રાણ પ્રતિષ્ઠા ભોજન પ્રસાદના દાતા કાંતિભાઈ હીરાભાઈનું યોગદાન આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

મોડાસા શહેરમાં નશીલા દ્રવ્યના રવાડે ચઢેલી

કોલેજીયન યુવતીઓ બેફામ બની હોવાની ચર્ચા ટોક ઓફ ધી ટાઉન

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જીલ્લા સહીત સમગ્ર ઉત્તર ગુજરાતમાં શૈક્ષણિક નગરી અને સંસ્કારી નગરી તરીકે જાણીતા મોડાસા શહેરમાં છેલ્લા કેટલાક વર્ષોથી યુવાનો વિદેશીદારૂ, બીયરના નશાના ખપ્પરમાં ખુંપી રહ્યા છે. તદઉપરાંત કેફી દ્રવ્યો સહીત ગાંજો અને સિગરેટમાં કેફી દ્રવ્ય રાખી કશ ખેંચી યુવાની દોઝખમાં મૂકી રહ્યા છે. જેમાં ધીરે ધીરે શહેરમાં અભ્યાસ કરતી કેટલીક યુવતીઓ અને વિદ્યાર્થીનીઓ સિગરેટના કશ ખેંચતી હોવાના દ્રશ્યો આમ બન્યા છે. ત્યારે થોડા દિવસ અગાઉ ત્રણ યુવતીઓ ઘરેથી ટ્યૂશનના બહાને માઝુમ ડેમના કિનારે યુવાન મિત્રો સાથે પહોંચી કેફી દ્રવ્યો કે પછી બિયર કે દારૂના નશામાં ચિક્કાર બની હોવાની અને મોડી રાત્રી સુધી ત્રણ યુવતીમાંથી એક યુવતી મોડી રાત્રી સુધી ઘરે ન પહોંચતા પરિવારજનોમાં ભારે ચિંતામાં સરી પડ્યા હતા અને ભારે શોધખોળ સાથે સાથે ગયેલી અન્ય યુવતીઓને પૂછતા યુવતીઓએ જગ્યા બતાવતા ત્યાંથી સગીરા બેશુદ્ધ જેવી હાલતમાં મળી આવતા પરિવારજનોની આંખો પહોળી થઈ ગઈ હતી અને



સમસમી ઉઠ્યા હતા પરંતુ ઘરની વાત ઘરમાં રહે તે માટે યુવતીઓને કેફી દ્રવ્યોને નશાને રવાડે ચઢાવનાર યુવાનો સામે પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું અને યુવતીઓને ઠપકો આપ્યો હતો.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, શૈક્ષણિક નગરી મોડાસા શહેરમાં અનેક કોલેજો આવેલી છે જેમાં સમગ્ર રાજ્ય સહીત અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં વિવિધ શાખાઓમાં અભ્યાસ અર્થે પી.જી તરીકે રહે છે. આધુનિકતાની આડમાં અને સ્માર્ટફોને અને ટેલિવિઝનના રવાડે ફિલ્મી દુનિયાના દિવા સ્વપ્નમાં યુવતીઓ અને વિદ્યાર્થીનીઓ ખરાબ સોબતમાં સપડાઈ રહી છે. શૈક્ષણીક અને સંસ્કારી નગરી માટે એક આંખ ઉઘાડતો કિસ્સો સામે આવતા કહેવાતા સભ્ય સમાજમાં સમગ્ર ઘટના અંગે ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની છે. મોડાસા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વિદ્યાર્થીનો, સગીરાઓ અને યુવતીઓ માટે આવા કિસ્સાઓ ભવિષ્ય માટે મોટો ખતરો કહી શકાય. નાદાન સગીરાઓ કે યુવતીઓની આર્થિક સંકડામણ કે પોતાના અંગત મોજશોખનો ફાયદો ઉઠાવી યુવકો લલચાવી ફોસલાવી પ્રેમજાળમાં ફસાવી નશીલા પીણાં પીવા મજબૂર કરનાર યુવકો આવનાર ભવિષ્યને જોખમી રહ્યા છે. પોતાના સંતાનને વધુ પડતા વ્હાલમાં આંધળો વિશ્વાસ મૂકી દે છે, ત્યારે આવા પરિણામો બહાર આવતા હોય છે. નશામાં ધૂત યુવતીઓ જાણે મા બાપ કે પોલીસનો ડર ન હોય તેમ બિન્દાસ દારૂડિયાઓને શરમાવે તેવી હરકતોથી હવે મા બાપને પણ જાગૃત થવાનો હવે સમય આવી ગયો છે. પોલીસ એ તો એનું કામ કરતી જ હોય છે પરંતુ પોતાના સંતાનોને સાચવવાનીમાં બાપની ફરજ બનતી હોય છે. મોડાસાની જાણીતી કોલેજમાં અભ્યાસ કરતા યુવકો યુવતીઓ સાથે પહેલા ફ્રેન્ડશિપનું તરકટ રચી પ્રેમજાળમાં ફસાવી દઈ અસામાજિક પ્રવૃતિ સામે પ્રેરતા અને ખોટી લતે ચઢાવી દેવાનો કિસ્સો પ્રકાશમાં આવતા મોડાસા શહેરમાં ચર્ચાનો વિષય બનવા પામ્યો હતો. શિક્ષણ નગરી તરીકે વિખ્યાત મોડાસાની પ્રતિષ્ઠાને કલંકિત કરતી આવી પ્રવૃત્તિ સામે સંચાલકો અને માતા પિતાઓ ધ્યાન આપશે તો આવનાર દિવસોમાં આવી પ્રવૃત્તિ રોકી શકાશે. ઉલ્લેખનીય છે કે ૪ દિવસ અગાઉ ત્રણ વિદ્યાર્થીનીઓ ટ્યુશનમાંથી બારોબાર તેમના મિત્રો સાથે માઝુમ ડેમના કિનારે પહોંચી કેફી દ્રવ્યોની લિજ્જત માણી નશામાં ચકચૂર થઈ પરત ફરેલી ત્રણ યુવતીમાંથી એક યુવતી મધ્ય રાત્રી સુધી ઘરે પરત ન ફરતા સમગ્ર મામલો સામે આવ્યો હતો. પરિજનોના ડરના કારણે ગભરાઈ ગયેલી સગીરાના કહ્યા મુજબ બતાવેલી જગ્યાએ જઈ તેનો કબજો મેળવતા પરિવારે હાશકારો અનુભવ્યો હતો, પરંતુ નાની ઉંમરે કેફી દ્રવ્યોના રવાડે ઝીંદગી દોજખ બનતી અટકે તે માટે વિદ્યાર્થીનીઓના પરિવારજનોએ ધ્યાન રાખવું ખુબ જરૂરી બન્યું છે. જેથી આવનારા સમયમાં આવા દુષણોને રોકી શકાય.